ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૪.૬ ડીગ્રી
લઘુતમ : ૨૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૪ ટકા ● સાંજે ૬૦ ટકા

# બોલ મારી અંબે જય જય અંબે...શહેરમાં ગુંજતો જયનાદ











અંબાજી શકિતપીઠે ભાદરવી પૂનમે મેળો ભરાય છે. આ મેળામાં માતાજીના દર્શન કરવા રાજયભરમાંથી લાખો પદયાત્રીકો ચાલતા માતાજીના ધામ અંબાજી પહોંચે છે ત્યારે માતાજીના ધામે ચાલતા જતા પદયાત્રીકોનો પ્રવાહ ગાંધીનગર શહેરમાં પુરજોશમાં ચાલી રહ્યો છે. શહેરના માર્ગો પદયાત્રીકોથી ઉભરાઈ રહ્યા છે. પદયાત્રીકોને પગલે માર્ગ પણ એકમાર્ગીય બની જવા પામ્યો છે. ત્યારે માતાજીના સેવાભાવી ભકતો, સંસ્થાઓ દ્વારા સેવાકેમ્પો શરુ કરવામાં આવ્યા છે. જેમાં ભકતો માટે ચા-પાણી, સુકો નાસ્તો, ગરમાગરમ નાસ્તો, પાકા ભોજન સહિતની સેવાની સરવણી જોવા મળી રહી છે. માં અંબેના ધામે ચાલતા જતા દુર દુરના ભકતો શહેરના સેવા કેમ્પોમાં થાક્યા પાક્યા નિંદર માણી રહેલા નજરે પડે છે. તો બીજી તરફ સેવા કેમ્પોમાં ચા પાણી થી માંડીને સ્નાન, મોબાઈલ ચાર્જર અને જરૂરીયાત મુજબની દવાઓ સાથે ડોક્ટર્સ પણ હાજર જોવા મળે છે. મા અંબેના ગુણલા ગાતા ચાલતા જતા ભકતોને માર્ગમાં કયાય કોઈ પણ જાતની તકલીફ ના પડે તેનું નિરિક્ષણ સેવાભાવી ભકતો દ્વારા કરવામાં આવે છે. નાના બાળકથી લઈને મોટીવયના ભકતો પણ હોંશભેર માતાજીનું નામ લઈને ચાલતા હોય છે. સેવા કેમ્પમાં પદયાત્રીકોની સંખ્યામાં વધારો થતા પુરજોશમાં વિવિધ નાસ્તા બનાવવાની તૈયારીઓ પણ ચાલી રહી છે. માતાજીના ભકતો નોકરીમાં રજા મુકીને સેવા કેમ્પમાં સેવા માટે જોડાય છે ત્યારે નગરના માર્ગો બોલ મારી અંબે.. જય જય અંબેના જયઘોષથી ગુંજી ઉઠે છે.

## મધ્યાહન ભોજન યોજનાના રસોયા અને મદદનીશ સત્યાગ્રહ છાવણી ઉમટશે

ગાંધીનગર, તા.૧૭

રાજયભરના મધ્યાહન ભોજન યોજનામાં કામ કરતા સંચાલક, રસોયા અને મદદનીશના પગાર વધારા મુદ્દે અનેકવાર તંત્ર સમક્ષ રજુઆત કરવા છતા હજુ સુધી તેનો નિવેડો આવ્યો નથી. ત્યારે પડતર માંગણીઓને પગલે આગામી તા. ૨૧ સપ્ટેમ્બરના રોજ સત્યાગ્રહ છાવણી ખાતે રાજયભરમાંથી રસોયા અને મદદનીશો હજ્જારોની સંખ્યામાં ઉમટી પડશે અને અચોક્કસ મુદત સુધી પોતાની ફરજથી વંચિત રહેશે. જયારે કેન્દ્રો પર હાજર રહીને સંચાલકો કાળીપટ્ટી ધારણ બાંધી વિરોધ પ્રદર્શન કરી પોતાના કર્મચારીઓને સાથ સહકારી પુરો પાડશે.

રાજયભરમાં મધ્યાહન ભોજન યોજનામાં હજ્જારો કર્મચારીઓ સામાન્ય વેતનથી રોજગારી મેળવે છે. આ કારમી મોંઘવારીમાં આટલા સામાન્ય પગારમાં કર્મચારીઓને હવે પોસાય તેમ નથી. સરકાર સમક્ષ મધ્યાહન ભોજનના સંચાલકો, રસોયા અને મદદનીશોએ અનેકવાર રજુઆત કરવા છતા હજુ સુધી કોઈ નિવેડો આવ્યો નથી.ત્યારે ઓલ ગુજરાત રાજય મધ્યાહન ભોજન કર્મચારી મંડળના પ્રમુખ કર્મચારીઓની પડતર માંગણીઓ અંગે જણાવે છે કે નવા મેનુંમાં નાસ્તાની જોગવાઈ છે નાસ્તા માટે અલગથી જથ્થો તેમજ પેશગી આપવી,નવા મેનુંને પગલે કામના કલાકો વધી જતા હોવાથી લઘુતમ વેતન આપવું, નવા મેનુને અનુરૂપ જરૂરી સાધન સામગ્રી આપવી, છેલ્લા ૬ થી ૭ વર્ષ પહેલા આ યોજનાનું સંચાલન ખાનગી સંસ્થાને આપી ખાનગી કરણ કરેલ છે તે બંધ કરી ફરીથી કર્મચારીઓને નોકરી પર રાખવા અને એનજીઓ રદ કરવી, પગાર અને પેશગી સમયસર અને પુરતો આપવો. ભારત સરકાર દ્વારા કુકીંગ કોસ્ટમાં વધારો કરવામાં આવ્યો છે તે વધારો તાત્કાલીક અસરથી કરવો તે સહિતનો સમાવેશ થાય છે.



શહેરમાં ગણેશોત્સવ ઝડપથી સમાપન તરફ ધસી રહ્યો છે અને વ્યકિતગત ધોરણે જે શ્રધ્ધાળુઓએ પોતાના ઘરે પાંચ દિવસ માટે ગણપતિ સ્થાપન કર્યું હતું તેમણે આજે શ્રીજીની પ્રતિમાનું વિસર્જન કર્યું હતું.

## સે-૩ ન્યુ નવરાત્રી મહોત્સવ સમિતિના હોદ્દેદારોની વરણી

આગામી નવરાત્રી મહોત્સવની ઉજવણી માટે સેકટર-૩ ન્યુ નવરાત્રી મહોત્સવ સમિતિ દ્વારા વસાહતી ભાઈ-બહેનોની સાધારણ સભા તાજેતરમાં યોજાઈ હતી. આ સભામાં સેકટર-૩ ન્યુ નવરાત્રી સમિતિ મહોત્સવના હોદ્દેદારોની વરણી સર્વાનુમતે કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકે સંજય પટેલ, મહામંત્રી તરીકે બીપીન.એમ.પરમાર, ખજાનચી તરીકે દેવાંગ પંડિત, ઉપપ્રમુખ તરીકે રાજુભાઈ પટેલ, સી.એન. ડામોર, ભાનુભાઈ શુકલ, રાજુભાઈ શર્મા, દુષ્યંતભાઈ શ્રીમાળી, રશ્મિકાંત પંડયા, સંગઠન મંત્રી તરીકે વિરચંદભાઈ પરમાર, દશરથભાઈ વ્યાસ, કાંતિભાઈ પટેલ, અને સંજય ભોંસલે, પી.એમ. અંસારી, રાજુભાઈ સોંલકી રાકેશભાઈ શાહનો સમાવેશ થાય છે. સહ મહામંત્રી તરીકે હેમંત ત્રિવેદી અને સહમંત્રી તરીકે પંકજ સોની, ભરત પટેલ, કમલેશભાઈ બારોટ, દિનેશભાઈ પરમાર, ડો.હર્ષદ રાઠોડ, રામજીભાઈ પરમાર, નરેન્દ્ર પારધી, શરદભાઈ પટેલનો સમાવેશ કરવામાં આવ્યો છે. જયારે સલાહકાર સમિતિ અને કારોબારી સભ્યોની પણ વરણી કરવામાં આવી છે.

## સે-૨-સી ગણેશ મહોત્સવમાં હાસ્યનું હુલ્લડ જામ્યું





ગાંધીનગરના સેકટર-૨-સી ખાતે રવિવારની રાત્રે જાણે હાસ્યનું હુલ્લડ ઉમટયું હતું કેમ કે ગણેશ મહોત્સવમાં ભાઈલાલભાઈ દસાડીયા, નટુભાઈ તથા હરપાલસિંહ ઝાલાની ત્રિપુટીએ દર્શનાર્થીઓને તેમની મનોરંજક શૈલીમાં વિવિધ જોકસ અને રમૂજી ટુચકા કહીને પેટ પકડીને હસાવ્યા હતા. આ કાર્યક્રમમાં ગુજરાતની ભાતીગળ સંસ્કૃતિ તથા સામાજિક સંસ્કારોની પરંપરાને ઉજાગર કરતી વાતો પણ આ કલાકારોએ કરી હતી. આ કાર્યક્રમને પ્રેક્ષકોએ મોડી રાત્રિ સુધી મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી મન ભરીને માણ્યો હતો.

## સેકટર-૧૯માં બંધ મકાનને તસ્કર ટોળકીએ નિશાન બનાવ્યું

### મકાનને તાળું મારીને પરિવાર વડોદરા ગયું ત્યારે તસ્કરોએ મકાનમાં હાથફેરો કરી લીધો

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર શહેરના વીઆઈપી ગણાતા સેક્ટર-૧૯ ખાતે એક બંધ મકાનમાં રાત્રી દરમિયાન તસ્કર ટોળકીએ હાથફેરો કરી લીધો હોવાનું ધ્યાને આવ્યું છે. મકાન માલિક પરિવાર સાથે મકાનને તાળું મારીને વડોદરા ગયા હતા તે દરમિયાન તસ્કરોએ તેમના મકાનને નિશાન બનાવી દરવાજાનો નકુચો તોડ્યો હતો અને અંદરથી સવા લાખની કિંમતના સોના ચાંદીના દાગીના તથા રોકડ મુદ્દામાલ ઉઠાવી તસ્કરો ફરાર થઈ ગયા હતા. સેક્ટર-૨૧ પોલીસે મકાન માલિકને ફરિયાદને આધારે ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી છે.

શહેરના સેક્ટર-૧૯ ખાતે પ્લોટ નંબર ૨૮૩/૨માં રહેતા અને સામાજિક સેવાઓ સાથે સંકળાયેલા પંકજભાઈ પુરૂષોત્તમભાઈ પટેલ ૧૫ સપ્ટેમ્બરે સાંજે ઘરને તાળુ મારીને પરિવાર સાથે સામાજિક કામે વડોદરા ગયા હતા. બીજે દિવસે ૧૬ સપ્ટેમ્બરે એટલે કે ગઈકાલે રાત્રે ૧૧ વાગ્યાના અરસામાં તેઓ ગાંધીનગર પોતાના ઘરે પરત ફર્યા હતા. ઘરે આવીને જોયું તો તેમના મકાનના મુખ્ય દરવાજાનો નકુચો તૂટેલી હાલતમાં હતો અને તાળુ પણ નકુચા સાથે લટકતું હતું. જોકે દરવાજો ખોલવા જતાં અંદરથી બંધ હતો. ઘરની પાછળની તરફ જતા પાછળનો દરવાજો ખુલ્લો જોવા મળ્યો હતો. બંધ મકાનનો નકુચો તોડીને અંદર ઘૂસીને તસ્કરોએ બેડરૂમમાં તિજોરીઓના ડ્રોવર ફંફોસી અંદરથી સોના-ચાંદીના દાગીના, એક કેમેરો તથા રૂપિયા ૮,૦૦૦ રોકડ મળી કુલ રૂ.૧.૧૧ લાખની મત્તા ચોરી કરી લીધી હતી. મકાનમાં હાથફેરો કરીને તસ્કરોએ મુખ્ય દરવાજાને અંદરથી સ્ટોપર મારી દીધું હતું અને પાછળના દરવાજેથી તસ્કરો સરકી ગયા હતા. સમગ્ર ઘટના અંગે પંકજભાઈએ સે-૨૧ પોલીસને જાણ કરી તેમના મકાનમાં થયેલી ઘરફોડ ચોરી અંગે ફરિયાદ આપતા પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ આરંભી છે.

## ઉવારસદમાંથી ખુલ્લેઆમ જુગાર રમતા પાંચ શકુનીઓ પકડાયા

### સમાજની વાડીનાં ખુલ્લા મેદાનમાં પાંચેય શખ્સો બાજી માંડીને બેઠા હતા

ગાંધીનગર, તા. ૧૭

અડાલજ પીઆઈ જે.જી વાઘેલા ની ટીમ ઊવારસદ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન ચોક્કસ માહિતી મળી હતી કે ઉવારસદ પગીવાસનાં નાકે સમાજની વાડીના ખુલ્લા મેદાનમાં કેટલાક શખ્સો ટોળું વળીને બાજી માંડીને બેઠા છે. શકુનિઓનું ટોળું ખુલ્લેઆમ જુગાર રમી રહ્યું હોવાની માહિતી આધારે અડાલજ પોલીસની ટીમે દરોડો પાડયો હતો. પોલીસને જોઈને જુગારીઓમાં નાસભાગ મચી જવા પામી હતી જો કે પોલીસે કોર્ડન કરીને પાંચ શકુનિઓને પકડી પાડયા હતા. પોલીસે જુગાર રમી રહેલા રમેશ ગાભાજી ઠાકોર, વિક્રમ લક્ષ્મણ ઠાકોર, મેહુલ જશુજી ઠાકોર, રમેશજી પ્રહલાદ ઠાકોર અને મેલા ગાભાજી ઠાકોર મળીને પાંચ શખ્સોની ધરપકડ કરી તેમની પાસેથી રોકડ રૂપિયા ૨૬૪૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## @ગાંધીનગર

● શ્રી મહાકાળી મહાપ્રસાદ સેવા કેન્દ્ર ગાંધીનગર દ્વારા રાસ ગરબાનો કાર્યક્રમ રાત્રે ૮.૩૦ કલાકે શ્રી મહાકાળી માતાજીનું મંદિર, પરંપરા ગાર્ડન રેસ્ટોરન્ટ સામે યોજાશે.

● સે-૧૨ રામદેવપીર ધામ ખાતે ભાદરવા સુદ-૯ના રોજ સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન રાવદેવ પીર મહારાજના નેજા (નિશાન) સિવિલ કંમ્પાઉન્ડ સે-૧૨ ગાંધીનગર ખાતે ચઢાવવામાં આવશે.

● સે-૩-ડી યુવક મિત્ર મંડળ દ્વારા ગણેશ મહોત્સવમાં રાસ ગરબાની રમઝટ રાત્રે ૮.૩૦ કલાકે સે-૩-ડી ખાતે યોજાશે.

● સે-૨૨ શ્રી સાર્વજનિક ગણેશ મહોત્સવમાં માહિતી ખાતાના સૌજન્યથી અને સ્મિત મ્યુઝીકના સહયોગથી 'ગીત નયે પુરાને મ્યુઝીકલ નાઈટ' રાત્રે ૮.૩૦ કલાકે યોજાશે.

● સંત શ્રી રોહિદાસ સેવા સમાજ સે-૬ તરફથી રામદેવપીરના પાઠ તથા મહાપ્રસાદનું આયોજન.

## દબાણવાળી જગ્યાને હટાવતા વૈકલ્પિક સગવડ આપવા રજુઆત

ગાંધીનગર, તા.૭

રાજધાની વસાહત સેવા મંડળ ગાંધીનગરના પ્રમુખ રજુજી બી. ગોલે સરકાર સમક્ષ રજુઆત કરી છે કે જે તે સમયે મકાનની જગ્યા, મકાનો તોડી શોપીંગો બની રહ્યા હતા ત્યારે સત્તાવાળા, અધિકારીઓ કે તંત્રે કોઈ પણ જાતનું ધ્યાન કેમ આપ્યું નહીં? અને હવે કોર્ટનો ઓર્ડર થયો ત્યારે દબાણ હટાવવા તોડ ફોડ થઈ રહ્યા છે જેના કારણે ઘણા લોકો બેરોજગાર બની ગયા છે.

સેકટર-૭માં રહેવાની જગ્યાએ ખાનગી દવાખાના થઈ ગયા છે જયાં આજુબાજુના ગામડાના લોકો દવા કરાવવા આવે છે જો આ દવાખાના બંધ થાય તો આજુબાજુના ગામડાંના દર્દીઓને મુશ્કેલીઓ પડશે તેમજ રોજગાર ધંધા બંધ થવાથી બેરોજગારી પણ વધશે અને લોકોનું જીવન જીવવું કપરું બનશે.

ઘ-૫ ખાણી પીણી લારીઓને તેમની માંગણી સમજીને સેકટર-૧૬માં જેમ દુકાનો બનાવી આપી તો ગાંધીનગરના વેપારીઓ સ્થાનિક હોય તો તેમને કેમ નહીં?

કોર્ટના ચુકાદાને માન્ય રાખીએ પણ સરકારે સમજીને ધંધો ચલાવી શકે તેવી જગ્યા પર બેરોજગાર થઈ ગયેલ વેપારીઓને કોમ્પ્લેક્ષ બનાવી આપવા જોઈએ તેવી રાજધાની વસાહત સેવા મંડળે રજુઆત સાથે માંગણી કરેલ છે.

## ગણેશોત્સવમાં બાળકોની સંસ્થા કલરવ દ્વારા 'કલરવની મસ્તી'





ગાંધીનગર, તા.૧૭

સાર્વજનિક ગણેશ મહોત્સવ સમિતિ દ્વારા આયોજીત ગણેશોત્સવમાં ગાંધીનગરની ખૂબ જાણીતી બાળ વિકાસ ક્ષેત્રે કાર્યરત સંસ્થા 'કલરવ' દ્વારા તા. ૧૬-૯-૧૮ના રોજ શહેરની તમામ શાળાઓના ૮૦ જેટલા પ્રતિભાશાળી બાળ કલાકારો દ્વારા વૈવિધ્યસભર કાર્યક્રમની રજુઆત કરવામાં આવી હતી. જેમાં કથક નૃત્ય, ભરતનાટયમ, ગણેશ વંદના, રાસ ગરબા, રાજસ્થાની, ભાંગડા, દેશભકિતથી સભર નૃત્યો તથા ગ્રામ્ય સંસ્કૃતિને ઉજાર કરતા વૈવિધ્યસભર અને આકર્ષક નૃત્યો રજુ થયા હતા. કાર્યક્રમની વિશિષ્ટતા એ હતી કે દરેક કૃતિની રજુઆત પહેલા કૃતિનું એન્કરીંગ ભાગ લેનાર બાળકો જ કરતા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. વર્ષાબેન પારેખ દ્વારા કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમને દિપાવવા અને મુખ્ય મહેમાન તરીકે રીટાયર્ડ મુખ્ય સચિવ શ્રી એસ.કે. નંદા, જાણીતા બિલ્ડર જગતભાઈ કારાણી, જિલ્લા પંચાયતના વિવિધ અધ્યક્ષશ્રીઓ તેમજ ડૉ.કૌશિક શાહે હાજરી આપી હતી. સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ અને તેના અધ્યક્ષ નિશિત વ્યાસનો બાળકોને આવી સરસ તક આપવા બદલ કલરવ સંસ્થાના આશા સરવૈયાએ હૃદયપૂર્વક આભાર માન્યો હતો.

## આઈઆઈટી - ગાંધીનગર ખાતે 'અમાલ્થીઆ-૨૦૧૮'નું આયોજન

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગરના પાલજ ખાતેની આઈઆઈટી ખાતે આગામી તા. ૨૦ અને ૨૧મી ઓકટોબર દરમિયાન ૯મી વાર્ષિક ટેકનિકલ સમિટ 'અમાલ્થીઆ-૨૦૧૮'નું આયોજન કરવામાં આવ્યું છે. જેની થીમ 'ઈન્ટરગ્રેટીંગ ટેકનોલોજી' રાખવામાં આવી છે.

અમાલ્થીઆ ૨૦૧૮માં કોન્કલેવ ઉપરાંત અન્ય પ્રવૃત્તિઓ પણ યોજાશે જેમાં દીર્ઘદ્રષ્ટા વિચારકો તથા વિવિધ ક્ષેત્રોના અગ્રણીઓ તેમના અનુભવો, કુશળતા અને સંશોધન અંગે પરિષદમાં આદાન પ્રદાન કરશે. આ પરિષદમાં નિષ્ણાંતો, વિધ્વાનો તથા આ ક્ષેત્રમાં રસ ધરાવતા ગ્રાહકો ઉપયોગી માર્ગદર્શન પ્રાપ્ત કરશે. આ સાથે એક પ્રદર્શન યોજાશે. જેમાં વિવિધ ટેકનોલોજી અને ઈવેન્ટસ થકી ટેકનોલોજીના એકીકરણ અંગેની બાબતો આવરી લેવાશે તેમજ યુવાનો વિવિધ ટેકનોલોજી આધારિત સ્પર્ધાઓમાં ભાગ લઈ શકશે. આ પ્રસંગે 'એડવાન્સિંગ સોલાર પાવર જનરેશન' વિષયે વિચારો તથા દષ્ટિકોણ રજુ થશે.

આઈઆઈટી ગાંધીનગર ખાતે યોજાનાર અલ્માથીઆ ૨૦૧૮એ ટેકનોલોજી ક્ષેત્રે અનંત શકયતાઓની શોધખોળ પર ધ્યાન કેન્દ્રિત કરશે જે વિજ્ઞાન અને ટેકનોલોજીના વિવિધ ક્ષેત્રોમાં જાહેર જનતાના જીવનમાં વાસ્તવિક જીવનની સમસ્યાઓ ઉકેલવામાં પરિવર્તન લાવશે. ગત વર્ષે અમાલ્થીઆ અંતર્ગત અમદાવાદ ખાતે ડ્રિફ્ટ રેસીંગ પણ યોજવામાં આવી હતી.